સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ધર્મ-નિષ્ઠામાં શ્રદ્ધાના રિવાજો જૂના થઈ ગયા,
ભક્તિના રસ્તે પદયાત્રાના રસ્તા સૂના થઈ ગયા,
લૂણા લાગી ગયા 'મંડળી' - 'સંઘ'ની ભાવ-સેવામાં,
મા ના ખોળામાં ખૂંદાતા મેળા તો ગુના થઈ ગયા.
(ભાદરવી પૂનમનો મેળો રદ્દ)

હાઈકુ

કાઢો રેલીઓ
પદયાત્રાની બંધી -
ભજો 'સત્તા'મા

ચાલે છે હવે
એ.કે. છપ્પન ગજની
કરો માનતા

ચિંતન

સંવૃષ્યા જાયતે સર્વં શાશ્વતં નાસ્તિ તેન વૈ ।
સદ્ભાવેન હ્યજં સર્વયુચ્છેદસ્તેન નાસ્તિ વૈ ॥

ઉપરોક્ત શ્લોક શ્રી વિવેકચૂડાણમિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

બધું જ જે ઉત્પન્ન થયું લાગે છે તે વ્યવહારિક દૃષ્ટિથી ઉત્પન્ન છે, તેથી કશાનો ખરેખર નાશ છે જ નહીં. સંવૃત્તિ એટલે અવિદ્યા વિષયક લૌકિક વહેવાર, અવિદ્યાને કારણે ઊભાં થતાં ભ્રામક દૃશ્યો, ભ્રામક પદાર્થોની કોઈ વાસ્તવિક સત્તા નથી. વૈવિધ્ય અને વૈચિત્ર્ય ધરાવતી સૃષ્ટિ પરમાર્થ દૃષ્ટિએ મિથ્યા છે અને માત્ર અજન્મા એવું આત્મ તત્વ જ કેવળ છે. આથી જ્યારે ઉત્પત્તિ કે જન્મ જ ન હોય, ત્યાં વિનાશની વાત કરવાને કશો અર્થ નથી. જ્યાં કશું જન્મતું નથી કે વિનાશ પામતું નથી. ત્યાં કારણ કાર્યભાવની શક્યતા જ નથી. ત્યાં જન્મમૃત્યુના ચકરાવાને સ્થાન નથી કેમ કે પરમાર્થતા કેવળ પરમ ચૈતન્ય કે શુદ્ધ સંવિત્ સ્વરુપ જ બધું છે. જેના જન્મનો જ અભાવ છે તેના નાશનો પણ અભાવ જ છે. એવું સમજવું રહ્યું.

સુવિચાર

- દુનિયા સિર્ફ નતીજોં કો ઈનામ દેતી હૈ, કોશિશોં કો નહીં - **અનિતા રાઠોડ**
- જે લોકોને મધપૂડાનું તાજું મધ ખાવું છે, તેઓ મધમાખીના ડંખથી ગભરાશે તે કેમ ચાલશે ? ડંખથી ગભરાતા લોકો મધ ખાવાને લાયક નથી - **શેક્સપિયર**
- અવતારો એ અવતરવાનું હોતું નથી,
  તે માણસમાંથી મનુષ્યરુપે પ્રગટ થતા હોય છે - **અમૃતબિંદુ**
- આપણે બીજાને આરપાર જોવા માગીએ છીએ,
  પણ પોતાને આરપાર કોઈ જુએ તો તે પસંદ કરતાં નથી - **લા રોશે**
- શુદ્ધતા રામનું સ્વરુપ છે, અને દંભ રાવણનું સ્વરુપ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કીડા કદી ક્રાંતિ કરતા નથી અને મગતરાં કદી મહાન થતાં નથી - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : સમુદ્રફળને ગાયના ઘીમાં પેસ્ટ બનાવી ખાવાથી મોઢાની દુર્ગંધ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કાશી નરેશને મળવા એક મહાત્મા પધાર્યા. કાશી નરેશે એમના મનની મુંઝવણનો ઉકેલ રજૂ કરી પૂછ્યું. 'ગુરુદેવ !! આપ મને સમજાવો કે સૌ કોઈ ઈશ્વરના અસ્તિત્વની મોટી મોટી વાતો કરે છે, પરંતુ મારે એ ગળે એ વાત ઉતરતી નથી, જો ઈશ્વર હોય તો મારે સાક્ષાત જોવા છે, બાકી બધું મિથ્યા છે એવું હું માનું છું.' મહાત્માએ કહ્યું, 'આ આકાશ અને ધરતી જુઓ, માનવ, જંતુ, પશુ-પક્ષી જુઓ, એનું નિર્માણ કોણે કર્યું હશે એનો વિચાર કરશો તો બ્રહ્માંડના રચયિતા ઈશ્વરનો આપોઆપ અનુભવ થશે.' કાશી નરેશે સંશય પ્રગટ કરતાં કહ્યું, 'મેં વેદ-ઉપનિષદોમાં બ્રહ્માંડના રચયિતા વિશે ઘણું વાંચ્યું છે. પણ મને એમનું પ્રત્યક્ષ પ્રમાણ જોઈએ તો જ હું માનું !!' મહાત્માએ કહ્યું, 'મહારાજ, આવતીકાલે આપ બપોરે બાર વાગ્યે મને મળવા આવજો. ત્યારે વિસ્તારથી વાત સમજીશું.' કાશી નરેશે ગુરુદેવની કુટિર પર પહોંચ્યા. ગુરુએ કહ્યું, 'ચાલો, આપણે ગંગા તટે એક આંટો મારી આવીએ.' સૂર્યનારાયણ ધરતીને સળગાવી રહ્યા હતા તેવા તાપમાં બેવ લટાર મારવા નીકળ્યા. મહાત્માએ કહ્યું, 'સમ્રાટ, જરા આંખો ખોલી આકાશમાં તપતા સૂર્યની ચમક જૂઓ. બીજે ક્યાંય નજર ન કરશો. તમારા મનમાં એ અંગે કોઈ ભય હોય કે આનાકાની હોય એનો ત્યાગ કરજો.' કાશી નરેશે સૂર્ય સામે જોતા જ આંખો અંજાઈ ગઈ તેમણે કહ્યું, 'મારી આ શક્તિ નથી.' મહાત્માએ કહ્યું, 'આમની વાત સાવ સાચી. આપણામાં ઈશ્વરનું સાક્ષાત રુપ જોવાનું સાહસ નથી. જ્યારે તમે ઈશ્વરના એક નાનકડા સર્જન સમાન સૂર્યને જોઈ શકતા નથી, તો એના વિરાટ સ્વરુપને કઈ રીતે જોઈ શકશો ?' કાશી નરેશે મહાત્માની તર્કસંગત વાતને સ્વીકારી મહેલ તરફ જતી વાત પકડી.

કોંગ્રેસને પંજાબનો જુગાર મોંઘો પડશે

તંત્રીસ્થાનેથી...

'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ' વાળી કહેવતને સાચી પાડવા હોય એમ પંજાબના પ્રખર મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહને પદ પરથી રાજીનામું આપવાની ફરજ પાડીને કોંગ્રેસ હાઈકમાન્ડે જોખમી જુગાર ખેલ્યો છે. આ ઘટના ગુજરાતના મુખ્યમંત્રી વિજય રુપાણીના અને એમના મંત્રીમંડળના ભાજપ હાઈ કમાન્ડે લઈ લીધેલા રાજીનામા સાથે સરખાવવામાં આવે છે પણ બેઉના સંદર્ભો અને સંજોગો જુદા છે. દેશી ગુજરાતીમાં કહેવત છે : મિયાંના વાદે બીબી ચણા ચાવવા ગયાં તો શું થાય ? દાંત પડી જ જાય. સોનિયા કે પ્રિયંકા અથવા એમના લાડીલા રાજકુંવર મોદીનું અનુકરણ કરવા જશે તો ભરાઈ જ પડવાના છે. વળી કેપ્ટન અને રૂપાણી વચ્ચે ઘોડા-ગધેડાવાળી સરખામણી સારી ના લાગે તો - સારા શબ્દોમાં 'આસમાન - જમીન' જેટલો ફેર ચે. પંજાબમાં અમરિંદર સિંહ કોંગ્રેસના જોર પર નહીં પણ એમની આગવી ઈમેજ પર ધર્માંધ અકાલીદળને માત આપીને છેલ્લાં સાડા નવ વર્ષથી રાજ કરી રહ્યા હતા. ઈંદિરા ગાંદીનું નામ તો આજે પણ પંજાબમાં શીખ સમુદાયમાં અપ્રિય છે. હરમિંદર સાહિબમાં બૂટ પહેરીને ઘૂસેલી આર્મીએ અંદર છુપાયેલા સંત ભિંડરાંવાલે અને બીજા આતંકવાદીઓ પર ગોળીઓ વરસાવેલી એ પૈકી ઘણી ગોળીઓ સુવર્ણમંદિરની દીવાલો સાથે ટકરાઈ હતી. હજી એ ઘા મંદિર વ્યવસ્થાપન સમિતિએ અકબંધ સાચવી રાખ્યા છે, અને યાત્રાળુઓને એ સહેતુક બતાવવામાં આવે છે. ઈંદિરા ગાંધીની જઘન્ય હત્યા પછી નિર્દોષ શીખ સમુદાયનો નરસંહાર પણ શીખો ભૂલ્યા નથી, છતાં તેઓ પટિયાળાના રાજવંશી કેપ્ટનને રાજ્યની ધુરા સોંપતા રહ્યા હોય તો એ વ્યક્તિગત આદરને કારણે, નહીં કે કોંગ્રેસ તરફના ઉમળકાને લીધે. પરંતુ આખરે કેપ્ટનને એમની કમાની છોડવી પડી છે અને તે પણ એક નાટકિયા બેજવાબદાર પૂર્વ ક્રિકેટરની સતત ચાલતી રહેલી ઝુંબેશના પગલે. નવજોત સિધ્ધુ કોઈ લોકનેતા નથી, અભિનેતા જરૂર કહી શકાય. એના એ સ્વરુપનો લાભ ભારતીય જનતા પાર્ટી પણ લઈ ચૂકી છે પણ બહુબોલા નવજોતને જયારે ભાજપની શિસ્ત આકરી લાગી ત્યારે એ સામા પલ્લે જઈને બેઠા હતા. ત્યારે પણ ગંભીર અને અનુભવી રાજકારણી અમરિંદરસિંહને તો એ નહોતા જ ગમ્યા. આવાં અલલેટપ્પુ તત્ત્વો જ પાર્ટીની ઘોર ખોદતાં હોય છે એની પૂર્વ પ્રતીતિ એમને હતી. આખરે એમની દહેશત સાચી પડી છે. નવજોતને સીધા જ નાયબ મુખ્યમંત્રી બની જવું હતું. કેપ્ટને હાઈકમાન્ડની લાગણીને માન આપીને એમને કેબિનેટમાં લીધા હતા પણ ઝાઝું મહત્વ નહોતું આપ્યું. એથી અકળાયેલા નવજોતે કેપ્ટન સામે રીતસરનો મોરચો જ ખોલી દીધો હતો. દરેક જગ્યાએ અને એમાં પણ સવિશેષ કોંગ્રેસી સરકાર હોય ત્યાં જૂથબંધી તો રહેતી જ આવી છે એવા જૂથને મહત્ત્વ આપી કોંગ્રેસના પારિવારિક હાઈકમાન્ડે અડૂકદડૂકિયા નવજોત સિદ્ધુને પ્રદેશ પ્રમુખ બનાવી કેપ્ટન સામે સીધા જ સત્તાનું પ્રતિસ્પર્ધી કેન્દ્ર બનાવી દીધા હતા. ઝઝૂનપૂર્વક બળવાખોરી વધારીને નવજોત સિદ્ધુએ કેપ્ટનને રાજીનામું આપવા મજબૂર કરી દીધા છે. જો કે આગામી વર્ષે આવી રહેલી વિધાનસભાની ચૂંટણીમાં 'કેપ્ટન' 'ખાશે નહીં તો ઢોળી નાખશે' એ નક્કી જ છે. રાજીનામું આપવાની સાથે એમણે સિધ્ધુની ઓકાત અને પાકિસ્તાન સાથેના સંબંધો વિશે પેટછૂટી વાત કરી જ દીધી છે. સિનિયર અને સિટીઝન નેતા તરીકે તેઓ મોદી સહિત તમામ કેન્દ્રીય નેતાઓના સંપર્કમાં છે કેપ્ટન રૂપાણી કે નીતિન પટેલ જેવા શિસ્તબદ્ધ પાર્ટી - સૈનિક નથી. એમણે તો સોનિયાના મોઢા પર ચોપડાવી દીધું છે કે આવી અપમાનજનક સ્થિતિમાં તેઓ પાર્ટીમાં નહીં રહી શકે. આગામી દિવસોમાં પંજાબનું પગલે ભાજપ માટે તો ત્યાં કપરાં ચઢાણ હતાં જ, પણ કેપ્ટન પ્રાદેશિક પાર્ટી બનાવી આમ આદમી પાર્ટી માટે કે ભાજપ માટે સત્તાનાં સમીકરણ સાનુકૂળ કરી શકે છે.

અપરણિત યુગલ પોતાની મરજીથી સાથે રહી શકે છે

'લીવ-ઈન' બંધારણની કલમ-૨૧ મુજબ મૂળભૂત અધિકારોમાં સામેલ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

'લીવ-ઈન રીલેશનશીપ' નો સામાન્ય અર્થ 'લગ્ન કર્યા વગર યુવક-યુવતીનું સાથે રહેવું'. સામાજીક રીતે આવા સંબંધોની માન્યતા ભલે ના હોય, પરંતુ કાયદાકીય રીતે 'લીવ-ઈન રીલેશનશોપ' ને માન્યતા આપવામાં આવી છે.

પશ્ચિમના દેશની રીત ભારતીય સંસ્કૃતિમાં સામાજીક રીતે અમાન્ય ગણાય છે, પરંતુ કાયદામાં તેને માન્યતા આપવામાં આવી છે. એક યુવક અને યુવતી જો તે પુખ્ત ઉંમરના હોય તો કોઈપણ જ્ઞાતી, જાતીના ભેદભાવ વગર પતિ-પત્નિની માફક લીવ-ઈન રીલેશનમાં રહી શકે છે, પરંતુ લગ્ન કર્યા વગર સાથે રહેતા યુગલને સમાજમાં અલગ દ્રષ્ટિકોણથી જોવામાં આવે છે. બે અપરણિત યુવક-યુવતી લગ્નસંબંધ વગર એક સાથે જીવન જીવી શકે છે. તેમાં કોઈ કાનૂની બાધ નથી. કાયદો પૂરી સ્વતંત્રતા આપે છે, પરંતુ સમાજ તેને આવી છૂટછાટ આપતો નથી.

મોટા ભાગનાં લોકોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે, બે પુખ્ત ઉંમરના યુવક-યુવતી લગ્નગ્રંથીથી બંધાયા સીવાય સાથે રહેવું તેને વ્યભિચારની દ્રષ્ટિએ જોવે છે અને અનૈતિક સમજે છે. આના કારણે સામાજીક રીત રીવાજ, બંધન તથા મર્યાદાનો ભંગ થાય છે. આવા રીલેશનથી પેદા થતા બાળકોને અનૌરસ ગણવામાં આવે છે. મુંબઈ, દિલ્લી, બેંગ્લોર, ચેન્નાઈ બાદ હવે મેટ્રોસીટીમાં સાથે નોકરી કરતા કે અભ્યાસ કરતા યુગલ એક સાથે રહેવાનું ચલણ વધ્યું છે. મોટા શહેરોમાં એકબીજાની કોઈને પડી હોતી નથી. વૈચારીક સ્વતંત્રતા હોય છે. સ્વતંત્રતા ક્યારે સ્વચ્છંદતાનું રૂપ ધારણ કરે છે. તે કહી શકાતું નથી. સાથે રહેતા વૈચારિક મતભેદ થાય તો સંમતિથી અલગ પડી જાય છે. જેમાં કોર્ટ કચેરીના ધક્કાથી બચી જાય છે, પરંતુ આવા રીલેશનશીપથી કાયદાકીય કોઈ જ લાભ કે હક્ક મળતા નથી. આવા સંબંધો, વ્યક્તિગત, નિતિમત્તા તથા સામાજીક નૈતિકતાના વિચારોથી સાવ અલગ છે. આવા સંબંધો માત્ર સેક્સપૂર્તિ માટે જ બંધાયા હોવાનું મોટાભાગના લોકો માને છે. જ્યારે બંને વ્યક્તિને એકબીજામાંથી રસ-કસ ઉડી જાય તો આવા સંબંધોનો અંત આવે છે. 'લીવ-ઈન રીલેશન' એ જવાબદારી વગરની સ્વચ્છંદી જીંદગી છે.

વર્ષ ૨૦૦૬માં સુપ્રિમ કોર્ટ સામાજીક ધારા ધોરણોને અનુલક્ષીને 'લતાસિંઘ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ' કેસમાં ઠરાવ્યું છે કે, લીવ-ઈન રીલેશન સમાજની દ્રષ્ટીએ અનૈતિક ગણાતા હોય છતાં તે કાયદાની વિરૂધ્ધ નથી. ૨૦૧૦માં પણ સર્વોચ્ચ અદાલતે પુનઃ બે વ્યક્તિઓ સાથે રહેવાનો અધિકાર બંધારણે બક્ષેલા અનુચ્છેદ-૨૧ મુજબના મૂળભૂત અધિકારોમાં સમાવેશ કરતો ચુકાદો આપેલ છે.

આવા રીલેશનની મંજુરી ખૂદ યુવક-યુવતીના માતા-પિતા કે પરિવાર જ ના આપી શકતો હોય તો સમાજ પાસેથી તેવી અપેક્ષા વધારે પડતી ગણાય. સને ૨૦૧૮માં સુપ્રિમ કોર્ટે આવા સંબંધને રક્ષણ આપવા કાયદાકીય જોગવાઈની હિમાયત કરી કેટલાક કિસ્સામાં પોલીસ રક્ષણ આપવાનો પણ હુકમ કરેલ છે. લીવ-ઈન રીલેશન ૨૧મી સદીનો મહાભયંકર રોગ ગણવામાં આવે છે. સમાજ ભલે આધુનિક થતો ગયો, પરંતુ આવા સંબંધોને ક્યારેય માન્યતા આપતો નથી. હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશમાં આવા કેસમાં 'હોનર કિલર' જેવા ગુનાઓ પણ ઉભા થયા છે. લગ્ન વગર સાથે રહેતા યુવક-યુવતીને અદાલતે લગ્ન જેવા સંબંધોને ઠેરવી માન્યતા આપી છે. કેટલાક કિસ્સામાં લાંબા સમયથી લીવ-ઈન રીલેશનમાં રહેતી યુવતીને ભરણપોષણનો હક્ક પણ અદાલતે માન્ય ઠરાવ્યો છે. તેમજ ઘરેલું હિંસા સામે રક્ષણ પણ આપવામાં આવ્યું છે. હવે નવી ' ટ્રાયલ એન્ડ એરર પધ્ધતિ ' પ્રચલિત થતી જાય છે. જે સામાજીક દૂષણ ગણવામાં આવ્યું છે. સંબંધોમાં અજમાયશ શરૂં થઈ છે. 'ફાવે તો ઠીક નહિ તો રામ રામ.' આમ સંબંધોની પ્રયોગશાળામાં અનેક પ્રકારના અખતરાઓએ સામાજીક નિયમો વિરૂધ્ધ ખતરારૂપ છે.

સામાજીક અનૈતિકતા કે નૈતિક ધોરણો સાથે કાયદાને કોઈ જ નિસ્બત નથી. બંધારણના અનુચ્છેદ-૨૧ મુજબ મૂળભૂત અધિકારોમાં આવા સંબંધોને અદાલત દ્વારા માન્યતા આપવામાં આવતા આધુનિક યુવક-યુવતીમાં લગ્ન વગર સાથે રહેવાની હિંમત વધતી જાય છે. જે સામાજીક અધઃપતનનું કારણ તથા અનૈતિક ગણવમાં આવે છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
info@trivediassociates.in

દેવ દુર્લભ દર્દની છે દેણગી, શાયરી શબ્દોનું કરિયાણું નથી.

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગાઢવી

'દેવ દુર્લભ દર્દની છે દેણગી,
શાયરી શબ્દોનું કરિયાણું નથી.'
- ઘાયલ

આજકાલ વોટ્સએપ અને સોશિયલ નેટવર્કિંગમાં શેર શાયરીઓની બોલબાલા છે. પણ અમૃત "ઘાયલ" ના જેવા અમર શાયરોની શાયરી ખૂબ વેધક હોય છે. આ શાયરીમાં એટલી તાકાત હોય છે કે જે હૃદયમાં સીધેસીધી ઉતરી જાય છે. તીવ્ર વેદનાની સોય હૈયાને વિંધીની ચીરી નાખે એવી તાકાત તેમાં હોય છે. અભિવ્યક્તિની ચરમસીમાએ વાચક અને લેખક બંનેની ભાવનાઓનો એક સુભગ સમન્વય અહીં અનુભવાતો જોઈ શકાય છે. મનુષ્યને હૃદય મળેલું છે, અને એ હૃદય અનેક ભાવોને અંદર ઝંખતું હોય છે. હૃદય એક મોટો દરિયો છે. એ દરિયાની વિશાળતાની બાબતમાં, ગહનતાની બાબતમાં ગરીબમાં ગરીબ માણસ અને છત્રપતિ વચ્ચે કશો ફેર નથી. દરેકને અનેક ભાવોને અભિવ્યક્ત કરતું વિશાળ હૃદય મળ્યું છે. આ સાહિત્ય છે તે હૃદયના ભાવોની - ઊર્મિઓની અભિવ્યક્તિને સુપેરે વર્ણવે છે. હૃદયાનાં વમળોની, હૃદયની મલિનતાની, હૃદયમાંથી પ્રગટ થતા ભગવાનની, હૃદયમાં પ્રગટ થતા શૈતાનની અને એ શૈતાન કેમ ભગવાનમય થતો જાય છે એની વાત છે.

સંતોના મનોભાવની અભિવ્યક્તિ કરવી સહેલી છે, શૈતાનની કરવી અઘરી છે. કારણ કે શૈતાન કે ખરાબ વ્યક્તિએ હકીકતમાં તો ભગવાન થવામાં નિષ્ફળતા મળવાથી મૂંઝાયેલો વ્યક્તિ જ છે. એક કુશળ શાયરમાં મનુષ્યને સમજવાની એના દર્શને જાણવાની અને એના પ્રત્યે અપાર સહાનુભૂતિ કેળવવાની શક્તિ હોય છે. જે બધા કુશળ શાયરો થયા છે તેમણે મનુષ્યને સમજવાની ચાવીઓ આપી છે. શાયરીમાં મનને પરિશુદ્ધ કરવાની ગજબની ક્ષમતા રહેલી છે. અમૃત "ઘાયલ' માટે જ લખે છે કે,

'શાયર છું, શાયરી એ સંજીવની છે, "ઘાયલ":
શાયર છું, પાળિયાને બેઠો કરી શકું છું.'

ગુજરાતી વાચકોને નજરમાં રાખીને, રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ એક વેળા કહેલું કે

આપણી મોટા ભાગની પ્રજા ગાય જેવી છે. જે લીલું ઘાસ ખાતાં ખાતાં કચરો પણ ચાવી જાય છે. મેઘાણીએ આ અભિપ્રાય ઉચ્ચાર્યો તેને તો વર્ષો વીત્યાં, પણ પરિસ્થિતિમાં હજી ફેર જણાતો નથી. ઉલટું આજે તો આ મંતવ્ય વધુ સારું લાગે છે. છેલ્લા વર્ષોમાં આપણે ત્યાં શિક્ષણનું પ્રમાણ સારું એવું વધ્યું છે, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સાહિત્યના મેળાવડાની સંખ્યા પણ વધી છે અને શૈર-શાયરીઓનો તો જાણે રાફડો ફાડ્યો હોય તેવી પરિસ્થિતિ છે. તેમ છતાં ઉત્તમતાનો આગ્રહ આપણા પ્રજામાનસમાં પ્રગટવો જોઈએ તેટલો પ્રગટ્યો નથી. એટલે જ તો વૉલ્ટ વ્હીટમેનનું એક વાક્ય યાદ રાખવા જેવું છે. મહાન કવિઓ અને શાયરો જન્માવવા માટે આપણી પાસે મહાન વાચકો જોઈએ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ લખે છે કે, અધકચરું તો હવે કશું જ ચલાવી ન લેવાય એવો આગ્રહ વધતો જશે, તો ઉત્તમ કૃતિઓનું અવતરણ લાંબી રાહ નહિ જોવડાવે.

લાસ્ટ સીન

શ્રી હરકિસન જોષીજી લખે છે :

" ઊતરતાંવેંત કાગળ પર સુકાઈ જાય છે શબ્દો,
ને કાગળ ભીંજવો એવા ભુંસાઈ જાય છે શબ્દો.
ઘડીભરમાં તો શ્વાસોશ્વાસ રોમરોમમાં પ્રસરે,
જરા વાંચો ન વાંચો ત્યાં છવાઈ જાય છે શબ્દો. "

- nehalgadhavi101@gmail.com

શ્રમ અને સેવાનું સન્માનઃ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આઠ દિવસમાં ૯૧ સમાજસેવકોનું સન્માન થયું

નવી સવાર
રમેશ તન્ના

અમદાવાદમાં ધર્મ જાગૃતિ કેન્દ્રના ઉપક્રમે યોજાયેલી ૯૩મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ત્રીજી સપ્ટેમ્બર, ૨૦૨૧થી ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૧, આ આઠ દિવસ દરમિયાન વ્યાખ્યાનો સાથે સાથે વિવિધ ક્ષેત્રના સમાજસેવકોનું સન્માન કરવાનો નવતર, પ્રેરક અને માનવતાને ઉજાળતો ઉપક્રમ પણ યોજાયો હતો. અહીં શબ્દની સાથે કર્મની જુગલબંધી થઈ હતી. ધર્મ જાગૃતિ કેન્દ્રના પ્રમુખ અને સતત ૪૭ વર્ષથી આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદે આયોજન અને સંચાલન કરતા શ્રી પ્રમોદ શાહે જણાવ્યું હતું કે, સમાજની વિવિધ રીતે સેવા કરતા લોકો માનવતાની મોટી મૂડી છે. તેમનું સન્માન કરીને ખરેખર તો આપણે માનવતા અને સારપનું સન્માન કરતા હોઈએ છીએ. અમે અગાઉ વિવિધ કાર્યક્રમોમાં આવા સમાજસેવકોનું સન્માન કરતા હતા, પરંતુ આ વખતે અમે વિચાર કર્યો કે, વ્યાખ્યાનમાળાના ભાગરૂપે તેમનું સન્માન થવું જોઈએ. અમને આનંદની વાત છે કે, પહેલા જ વર્ષે અમે ૯૧ વ્યક્તિઓનું સન્માન કરી શક્યા. આ તમામ વ્યક્તિઓએ સન્માન સ્વીકાર્યું. સૌથી મોટી વાત એ છે કે સમાજમાં અમારા આ ઉપક્રમને લોકોએ ઉત્સાહ અને આનંદથી વધાવી લીધો. એનાથી સમાજ માટે સારા કામો કરનાર લોકોને પણ પ્રોત્સાહન મળશે.

૯૩મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જે ૯૧ સમાજસેવકોનું સન્માન કરાયું તેમાં ૧૫ એવી શ્રમિક બહેનો હતી જે બહેનો કાગળ વીણવાનું કામ કરે છે. દરરોજ સવારે ત્રણ-ચાર વાગ્યે જાગીને, શહેરના ખૂણે ખૂણે ફરીને ૩૦-૪૦ કિલોમીટર ચાલીને, ૭૦-૮૦ કિલોનો ભાર ઉપાડીને શ્રમના ગૌરવના રથ ઉપર બેસીને સ્વમાનભેર પોતાની જિંદગી અને પોતાના પરિવારની જિંદગીને રળિયામણી બનાવે છે. અમદાવાદમાં રામાપીરના ટેકરા પરના શ્રમિક વસાહતમાં આ બહેનો રહે છે. દરેક બહેનને ટિફિન, સાડી અને પ્રમાણપત્ર આપ્યું હતું. જ્યારે આ બહેનો સન્માન સ્વીકારતી હતી ત્યારે તેમના ચહેરા પર જે આનંદ હતો તે શબ્દમાં બયાન ન કરી શકાય તેવો હતો. એક બહેને તો રાજી થઈને, કોઈ નેતા હવામાં હાથ લહેરાવતો હોય એ રીતે પોતાનો હાથ લહેરાવ્યો હતો. એ દૃશ્ય ખરેખર વિરલ દૃશ્ય હતું. દરેક બહેનના ચહેરા પર પોતાના કામની, પોતાના શ્રમની અને રાષ્ટ્રના વિકાસમાં પોતે કરી રહેલા પ્રદાનની નોંધ લેવાઈ તેનો આનંદ દેખાતો હતો.

સંસ્થા દ્વારા આ જ રીતે અમદાવાદ શહેરની ૧૫ સફાઈ કામદારોનું પણ સન્માન કરાયું હતું. એ બહેનોને પણ ટિફિન, સાડી અને પ્રમાણપત્રની ભેટ અપાઈ હતી. સંસ્થાએ એવા દિવ્યાંગજનો શોધી કાઢ્યા જેમણે વિવિધ ક્ષેત્રે સિધ્ધિ મેળવી હોય. આવા ૧૧ દિવ્યાંગોનું જ્યારે સન્માન થયું ત્યારે સભાગૃહમાં લાગણીભીનાં દૃશ્યો સર્જાયાં હતાં. સંસ્થાએ જુદી જુદી રીતે સમાજસેવા કરતા, જાણીતા ના હોય તેવા લોકોને શોધી કાઢ્યા હતા અને તેમનું બહુમાન કર્યું હતું. અમદાવાદમાં રક્તદાનની પ્રવૃત્તિ સરસ રીતે થઈ રહી છે. જેમણે એકસોથી વધુ વખત રક્તદાન કર્યું હોય તેવા ૧૫ રક્તદાતાઓનું પણ સંસ્થાએ સન્માન કર્યું હતું.

સંસ્થા કોરોના વોરિયર્સને પણ ભૂલી નહોતી. જેમાં ડૉક્ટરો, પોલીસ અને પેરામેડિકલ સ્ટાફનો સમાવેશ થતો હતો.

આઝાદી પછી આપણે શ્રમનો મહિમા ભૂલી ગયા છીએ. શ્રમને શરમ માનવામાં આવે છે. જે લોકો શ્રમ કરતા હોય તેમને નીચી નજરે જોવામાં આવે છે. વિનોબા તો એવું કહેતા હતા કે, આપણે કેવો સમાજ રચીને બેઠા છીએ કે જેમાં ગંદકી કરનારને સવર્ણ અને સફાઈ કરનારને શુદ્ર માનવામાં આવે છે. ગંદકીર કરનારને ઉચ્ચવર્ણનો અને સફાઈ કરનારને હલકી વર્ણનો માનવામાં આવે છે.

ખરેખર તો શ્રમનો મહિમા સૌથી મોટો મહિમા છે. સમાજ માટે કામ કરતા સફાઈ કામદારો હોય, કાગળ વીણનારી બહેનો હોય એ બધા માત્ર શહેરને સ્વચ્છ રાખે છે એવું નથી તેની શોભા પણ વધારે છે. જો એક કે બે દિવસ સફાઈ કામદારો હડતાળ ઉપર જાય તો આખા શહેરને ખબર પડી જાય કે કેવી તકલીફ પડે છે.

કોઈ સંસ્થાને સમાજસેવકોનું સન્માન કરવાનો વિચાર આવે એ જ મોટી વાત છે. વિચાર આવે અને એનો અમલ થાય એ તો વળી એનાથી પણ મોટી વાત છે. આવા ઉત્તમ વિચાર બદલ ધર્મ જાગૃતિ કેન્દ્ર સંસ્થા અને તેના અને ખાસ તો જેમના (મગજમાં નહીં પણ હૃદયમાં) માં આ સંવેદનશીલ વિચાર આવ્યો તે પ્રમોદ શાહને અભિનંદન. તેમની સાથે ખભેખભો મિલાવીને કામ કરતા શ્રી અજયભાઈ દોશી અને ટીમને પણ અભિનંદન. (અજયભાઈને પોતાને કેન્સર થયું હોવા છતાં તેઓ માનવતાની આ બધી પ્રવૃત્તિઓ સતત કર્યા કરે છે) (પ્રમોદભાઈ શાહનો સંપર્ક નંબર ૯૮૨૪૧૧૫૮૪૫ છે.)

છાંયડો :

નોકરી અને ધંધામાં શ્રમ છોડ્યા પછી હવે લોકોએ હવે રોજબરોજનાં પોતાનાં કામ કરવાનું પણ છોડી દીધું છે એ ચિંતાજનક છે, શરીરને શ્રમ નહીં મળે તો આરોગ્ય જોખમાશેઃ રાજેન્દ્ર ખીમાણી

(કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ.)